સાઈબર ફ્રોડના રૂપિયા પરત મળતા દંપતીએ કર્યું દાન

સુરત, સુરતમાં એક દંપતીની સાથે છેતરપિંડી થઈ હતી અને આ છેતરપિંડીમાં દંપતીએ છ લાખ જેટલા રૂપિયા ગુમાવ્યા હતા. ત્યારબાદ દંપતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કામગીરી કરી આરોપીનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દીધું હતું, જેમાં બે લાખ જેટલી રકમ જમા હતી ત્યારે દંપતીના ૬ લાખમાંથી બે લાખ જેટલા રૂપિયા રહી ગયા છે અને આ રૂપિયા તેમને પરત મળી જશે પરંતુ આ દંપતીને એક એવો વિચાર આવ્યો તેમના હશે જ નહીં તેના કારણે જ તેમની સાથે આ પ્રકારની છેતરપિંડી થઈ પરત બચેલા બે લાખ રૂપિયા પણ તેમને મળવાની કોઈ આશા ન હતી અને તેથી જ તેમણે આ બે લાખ રૂપિયા પણ દાન કરી દેવાનું નક્કી કર્યું હતું અને આ બે લાખ રૂપિયા જેટલી માતબર રકમ તેમણે દાન કરી દીધી હતી. સુરતના જનતા નગર સોસાયટીમાં ટીનુંઝ બ્યૂટી પાર્લર ચલાવતા ટીનુબેનના પતિને એક અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો અને સામેવાળી વ્યક્તિએ બ્યૂટી પાર્લરમાં તૈયાર થવા માટે ઈટલી આવવાનો ઓર્ડર આપ્યો હતો જેથી ટીનુ બેનના પતિ રાજભાઈ સાવલિયાએ ટીનુબેન ને વાત કરી હતી, અગાઉ પણ ટીનું બેન વિદેશ તૈયાર કરવા જઈ ચૂક્યા છે પરંતુ આ વખતે આવેલા ફોનમાં વધારે લોકોને તૈયાર કરવાના હોવાથી તમામ સ્ટાફને સાથે લઈ જવા માટે સામેની વ્યક્તિએ જણાવ્યું હતું. બ્યૂટી પાર્લરમાં અંદાજિત ૩૫ જેટલી યુવતીઓનો સ્ટાફ છે, જેથી આ તમામને ઈટાલી લઈ જવા માટે જણાવવામાં આવ્યું હતું. ટીનુબેન અને તેમના પતિ રાજ ભાઈને સામેવાળી વ્યક્તિએ તેમની ટિકિટ સ્પોન્સર કરી હતી અન્ય ૩૫ યુવતીઓની જવાબદારી ટીનુબેન અને રાજભાઈ પર હતી જે પ્રમાણે ફોર્માલિટીઝ હોય છે એ જ પ્રકારે ટીનુબેન અને તેમના પતિ રાજભાઈએ વિઝા ફી તેમ જ પ્રોસેસિંગ ફી સહિત રૂપિયા ૬ લાખથી વધારે સામે વાળી વ્યક્તિને આપ્યા હતા. આના પગલે રાજભાએ તાત્કાલિક જ સાયબર ક્રાઈમ માં ઓનલાઈન ફરિયાદ કરી હતી, જેથી તાત્કાલિક જ સાયબર ક્રાઈમ પોલીસે તેમને નિવેદન લેવા માટે બોલાવ્યા હતા ત્યારે તાત્કાલિક જ પોલીસે સામેવાળા વ્યક્તિનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દીધું હતું, જ્યારે એકાઉન્ટ ફ્રીઝ કર્યું ત્યારે આ એકાઉન્ટ ની અંદર બે લાખ રૂપિયા હતા ?૬,૦૦,૦૦૦ માંથી હાલ આ ?૨,૦૦,૦૦૦ રૂપિયા બચી ગયા હતા. ટીનુબેન અને તેમના પતિ રાજ ભાઈને વિચાર આવ્યો કે આ ૬ લાખ રૂપિયા આપણા નસીબમાં ના હતા પોલીસની કામગીરીને કારણે અત્યારે બે લાખ રૂપિયા પરત આવ્યા છે તો આ બે લાખ પણ આપણે જોઈતા નથી અને દાન કરી દેવું જોઈએ. આ સમયે એક આર્મી મેનની બહેન બ્યુટી પાર્લરમાં ટ્રેનિંગ લેવાનું પૂછવા આવી હતી. જેથી ટીનુ બેન ને વિચાર આવ્યો કે આ યુવતી નો ભાઈ દેશની સેવા કરે છે તો તેમના માટે થઈને બ્યુટી પાર્લરનો તમામ કોર્સ ફ્રીમાં કરી આપવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું બ્યુટી પાર્લરનો અંદાજિત કોર્સ ૧,૩૦,૦૦૦ જેટલો થાય છે અને આ કોર્સ તે આ યુવતીને ફ્રીમાં કરી આપશે,કારણકે સાયબર ક્રાઈમ પોલીસે તેમના બે લાખ રૂપિયા બચાવ્યા હતા. તેટલું જ નહીં તે જ બ્યુટી પાર્લરમાં કામ કરતી અન્ય એક યુવતીના લગ્ન હતા આ લગ્નમાં ટીનુબેન અને તેમના પતિ રાજભાઈએ આ યુવતીના પિતાને કન્યાદાન માટેની વાત કરી હતી, જેથી આ યુવતી નો લગ્નનો તમામ ખર્ચ ટીનુબેન અને રાજભાઈએ ઉઠાવ્યો હતો અને કન્યાદાન પણ કર્યું હતું. આમ સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ટીનુબેન અને રાજભાઈએ સમાજને ઉત્તમ અને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે એવું જ વિચાર્યું હતું કે આ રૂપિયા તેમના નસીબમાં નહીં હોય તેથી જ તેમની સાથે આવું ફ્રોડ થયું હશે પરંતુ અત્યારે સાઈબર ક્રાઈમ પોલીસે બે લાખ રૂપિયા બચાવ્યા છે તે પણ તેઓએ દાન કરી દીધા હતા. હાલ આ સમગ્ર મામલે સાબરકાંઠા પોલીસે અલગ અલગ શંકાસ્પદ લોકોને બોલાવી તેમના નિવેદનો નોંધી રહ્યું છે.

રેલવેએ દેશની સેમી હાઈ સ્પીડ વંદે ભારતની ૧૦૦ ટ્રેનોના ઓર્ડર રદ કર્યા

નવી દિલ્હી, વંદે ભારત ટ્રેનની ઘણી સેમી-હાઈ સ્પીડ ટ્રેન દેશના ઘણા ભાગોમાં દોડી રહી છે. પરંતુ દેશના તમામ લાંબા રૂટ પર વંદે ભારત ટ્રેન ચલાવવાની યોજનાને મોટો ફટકો પડ્યો છે. વાસ્તવમાં સરકારે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો બનાવવાનો ૩૦ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આ યોજના હેઠળ ૧૦૦ વંદે ભારત ટ્રેનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ, ટેન્ડર પૂર્ણ થાય તે પહેલા જ ભારતીય રેલ્વેએ આ કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આવી સ્થિતિમાં યોજનાને પૂર્ણ કરવાની ગતિને બ્રેક લાગી છે.

રેલવેએ આ ટેન્ડર રદ કરતા વંદે ભારત યોજનાને મોટો ફટકો પડ્યો છે. રેલવેએ ૩૦ હજાર કરોડ રૂપિયામાં ૧૦૦ વંદે ભારત ટ્રેન બનાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો. આ માટે ઘણી કંપનીઓએ દાવા સબમિટ કર્યા હતા અને ફ્રેન્ચ કંપની અલ્સ્ટોમ ઈન્ડિયા સાથે વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી હતી. બાદમાં બંને વચ્ચે પૈસાને લઈને કોઈ સમજૂતી થઈ ન હતી અને રેલવેએ હાલમાં આ ટેન્ડર પાછું ખેંચી લીધું છે.

વંદે ભારત બનાવવા માટે ટેન્ડરની વાટાઘાટો કરનાર કંપની અલસ્ટોમ ઈન્ડિયાના એમડી ઓલિવર લેવિસને મનીકંટ્રોલને જણાવ્યું હતું કે ટેન્ડરમાં ઓફર કરાયેલા નાણાંમાં સમસ્યા હતી. એલ્યુમિનિયમ બોડીવાળી વંદે ભારત ટ્રેન બનાવવાની વાત ચાલી રહી હતી, પરંતુ ભારતીય રેલવેએ તેનું ટેન્ડર રદ કરી દીધું હતું. અમે ભવિષ્યમાં આ કિંમત ઘટાડવાનું વિચારી શક્યા હોત, પરંતુ રેલવેએ જ ટેન્ડર રદ કરી દીધું હતું.

રેલવે અધિકારીઓનું કહેવું છે કે ફ્રેન્ચ પક્ષે ટેન્ડર કિંમત માટે ૧૫૦.૯ કરોડ રૂપિયા પ્રતિ ટનની માંગણી કરી હતી. આ ખૂબ જ ઊંચી કિંમત હતી અને અમે તેને ૧૪૦ કરોડ રૂપિયા સુધી લાવવાની વાત કરી હતી. જોકે, રેલવેના દબાણ હેઠળ અલ્સ્ટોમે રૂ. ૧૪૫ કરોડમાં ડીલ ફાઈનલ કરવાની વાત પણ કરી હતી. કંપનીએ તેને ૩૦ હજાર કરોડ રૂપિયામાં સમામ કરવાની વાત કરી હતી અને તે જ કિંમતે ૧૦૦ વંદે ભારત રેક્સ બનાવવાનું વચન આપ્યું હતું. આ પહેલા વંદે ભારત સ્લીપર ટ્રેનના દરેક વેગનને ૧૨૦ કરોડ રૂપિયામાં બનાવવાનું ટેન્ડર પણ ફાઈનલ થઈ ગયું છે.રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે આ ટેન્ડર રદ થવાથી રેલવેને તેની કિંમત નક્કી કરવામાં મદદ મળશે. ઉપરાંત, બિડ કરતી કંપનીઓને તેમના પ્રોજેક્ટ્સ અને ઓફર્સને સમજવાની તક મળશે. આગામી વખતે અમે વધુ કંપનીઓને પણ ટેન્ડરમાં સામેલ કરીશું, જેથી સ્પર્ધા વધશે તો ખર્ચમાં ઘટાડો થશે. આ વખતે માત્ર બે બિડરોએ ભાગ લીધો હતો. ટેન્ડર હેઠળ રેકની ડિલિવરી પર ૧૩ હજાર કરોડ રૂપિયા આપવાના હતા અને આગામી ૩૫ વર્ષમાં તેની જાળવણી માટે ૧૭ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે. વાસ્તવમાં સરકારે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો બનાવવાનો ૩૦ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે.

આયુષ વેલનેસ લિમિટેડની આવક જૂન, ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં ૬,૩૦૦ ટકા વધીને ૧૧.૧૦ કરોડ થઈ

અમદાવાદ, આયુષ વેલનેસ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળામાં તેની શ્રેષ્ઠ ત્રિમાસિક કમાણી નોંધાવી છે. કંપનીએ વેચાણમાં વાર્ષિક ધોરણે પ્રભાવશાળી ૬,૩૦૦ ટકા અને ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૧૮૩.૫૬ ટકાની વૃદ્ધિ હાંસલ કરી છે. કંપનીની કુલ આવક જૂન ૨૦૨૩માં રૂ. ૧૭.૩૫ લાખની સરખામણીમાં રૂ. ૧,૧૧૦.૫૬ લાખ થઈ હતી અને કરવેરા પછીનો નફો અગાઉના નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રૂ. ૮.૯૮ લાખથી વધીને ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૫.૪૯ લાખ થયો હતો. શેર દીઠ કમાણી (ઈપીએસ) પણ શેર દીઠ રૂ. ૦.૨૮ની સરખામણીએ વધીને રૂ. ૦.૭૯ થઈ ગઈ છે, જે વાર્ષિક ધોરણે નોંધપાત્ર ૧૮૪ ટકાનો વધારો દર્શાવે છે. આ નોંધપાત્ર વૃદ્ધિને તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોના સફળ વિસ્તરણ અને વધારાને કારણે, હેલ્થકેર અને વેલનેસ સેક્ટરમાં તેના મુખ્ય બિઝનેસ સેગમેન્ટ્સમાં મજબૂત કામગીરીની સાથે સાથે પ્રોત્સાહન મળ્યું હતું. જૂન ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં કંપનીએ રૂ. ૨૫.૪૯ લાખનો કરવેરા પછીનો નફો હાંસલ કર્યો હતો, જે અગાઉના ત્રિમાસિક ગાળા (માર્ચ ૨૦૨૪)માં નોંધાયેલા રૂ. ૧૬.૮૫ લાખના ચોખ્ખા નફાની સરખામણીમાં ૫૧.૩૦ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. (૧૮-૨)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

ટાટા મુંબઈ મેરેથોનની ઐતિહાસિક ૨૦મી આવૃત્તિ માટે નોંધણી શરૂ

અમદાવાદઃ ૨૦૦૪માં શરૂ થયેલી ટાટા મુંબઈ મેરેથોનની ઐતિહાસિક ૨૦મી આવૃત્તિ માટે રજિસ્ટ્રેશન www. tata mumbaimarathon. procam.in પર શરૂ થયું છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી રવિવાર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તેને લીલી ઝંડી બતાવવામાં આવશે. એશિયાની સૌથી પ્રતિષ્ઠિત આ મેરેથોનની પ્રમોટર પ્રોકેમ ઈન્ટરનેશનલ દ્વારા રજિસ્ટ્રેશન શરૂ થયાની ઘોષણા કરવામાં આવી હતી. હર દિલ મુંબઈ સાથેની મેરેથોનની આ વખતે ૨૦મી આવૃત્તિ છે. એશિયાની સૌથી પ્રતિષ્ઠિત મેરેથોનમાં સ્થાન ધરાવતી પ્રોકેમ ઈન્ટરનેશનલ દ્વારા પ્રમોટ કરાતી ટાટા મુંબઈ મેરેથોનની નોંધણી શરૂ થઈ ચૂકી છે. આ વિશે રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા મંત્રી છગન ભુજબળે જણાવ્યું હતું કે આ મેરેથોન મુંબઈનો મહોત્સવ બની ચૂકી છે. ૨૦૦૮માં મુંબઈ પર આતંકવાદી હુમલા ગણતરીના દિવસોમાં યોજાયેલી મેરેથોનમાં સેંકડોની સંખ્યામાં રનરોએ ભાગ લઈને અને જોવા માટે લાખ્ખોની સંખ્યામાં મુંબઈગરાએ રસ્તા પર ઊતરીને આવા હુમલાથી અમને કોઈ પીછેહઠ નહીં કરાવી શકે એ બતાવી દીધું હતું. વિધાનસભામાં સ્પીકર રાહુલ નાર્વેકરે જણાવ્યું હતું કે આ મેરેથોન એકત્ર ભારત અને આપણી વૈવિધ્યતાની પરિવર્તનકારી શક્તિનો જોશ ઉત્તમ રીતે દર્શાવિ છે, જેથી દરેક માટે આ સીમાચિહ્નરૂપ અવસર છે. બે દાયકાથી સફળતાથી આયોજન કરનારને હું અભિનંદન આપું છું.(૩-૧)

ગુજરાતના યુવક-યુવતીઓ માટે સપ્ટેમ્બર-૨૦૨૪માં ૧૦ દિવસીય "વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ"નું આયોજન

ગાંધીનગર, ગુજરાતના યુવક-યુવતીઓ રાજ્યના જુદા-જુદા વિસ્તારોના નૈસર્ગિક દર્શન દ્વારા વન્ય પશુ-પક્ષીઓ, વૃક્ષો, પહાડો, ખડકો, ઝરણા અને કોતરો વગેરેનો પ્રત્યક્ષ પરિચય કેળવી શકે

તેમજ તેમનાંમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ ભાવ વિકસે તેવા ઉમદા આશયથી રાજ્યના યુવક-યુવતિઓ માટે ૧૦ દિવસના "વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ"નું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન અનુસૂચિત જાતિના ૧૦૦ યુવાનો માટે ગીર સોમનાથ, અનુસૂચિત જનજાતિના ૧૦૦ યુવાનો માટે પંચમહાલ, જ્યારે જનરલ કેટેગરીના ૧૦૦ યુવક-યુવતીઓ માટે તાપી જિલ્લા ખાતે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે. આ પ્રવાસમાં જોડાવા ઇચ્છતા યુવક-યુવતીઓની ઉંમર તા. ૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ૧૫ થી ૩૫ વર્ષની હોવી અનિવાર્ય છે. આ કાર્યક્રમમાં જોડવા ઈચ્છુક યુવક-યુવતીઓ પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી તેમાં દર્શાવેલી તમામ વિગતો ભરીને, તેની સાથે શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી પ્રમાણપત્ર, વાલીની સંમતિ, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો, જાતિનું પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ વગેરે માહિતી રજૂ કરવાની રહેશે. અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓએ પોતાની અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-ગીર સોમનાથ, અનુસૂચિત જનજાતિના યુવક-યુવતીઓએ પોતાની અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-પંચમહાલ તેમજ જનરલ કેટેગરીના યુવક-યુવતીઓએ પોતાની અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-તાપીને આગામી તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

આપઘાત કરનારાઓમાં ૨૦થી ૪૦ વર્ષના લોકોનું પ્રમાણ વધુ

અમદાવાદ,

અમદાવાદમાં આપઘાતના બનાવો ઘટવાનું નામ લેતા નથી. રોજ ચારથી પાંચ લોકો આપઘાત કરે છે. જેમાં આપઘાત કરનારાઓમાં ૨૦થી ૪૦ વર્ષના લોકોનું પ્રમાણ વધુ છે. પ્રથમ બનાવની વિગત જોઈએ તો નવરંગપુરામાં ગિરીશ કોલ્ડ્રિંક્સની બાજુમાં રંગદીપ ફ્લેટમાં રહેતા ઈનાબેનનું સાત દિવસ અગાઉ કુદરતી મૃત્યુ થયું હતુ. જેને કારણે તેમના બેન બીનાબેન એમ.શાહ(૬૫) શોક મનાવવા આવ્યા હતા. દરમિયાન સવારે તેમણે જોયું તો તેમનો ભાણેજ કિનીથ એચ.શાહ(૪૧) ગળાફાંસોખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. તાત્કાલિક તેમણે ઘરના અન્ય સભ્યોને જાણ કરતા બાદમાં પોલીસને જાણ કરવામાં આવી હતી. ગુજરાત યુનુવર્સિટી પોલીસે ઘટનાસ્થળે આવીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જોકે આપઘાતનું કારણ જાણવા મળ્યું ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.અન્ય બનાવમાં અમરાઈવાડીમાં સતાધાર રોડ પર આવેલી ભાગ્યેશનગર સોસાયટીમાં રહેતા બીરજુ ઉર્ફે બ્રિજેશ આર પરમારે (૪૦) પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘરની આર્થિક હાલતસારી ન હોવાથી ટેન્શનને કારણે તેણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. અમરાઈવાડી પોલીસ આ અંગે તપાસ કરી રહી છે.

તે સિવાય મુળ ઉત્તરપ્રદેશના અને જીઆઈડીસી કઠવાડા નિકોલ રાધેક્રિશ્ન એસ્ટેટ ખાતે રહેતા કુંદન એસ. ચૌહાણ(૧૮) એ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. કોઈ અગમ્ય કારણસર તેણે આ પગલું ભર્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. નિકોલ પોલીસ આ અંગે વધુ તપાસ કરી રહી છે.

જ્યારે વટવામાં મહાલક્ષ્મી તલાવડી પાસે અમર ટેનામેન્ટમાં રહેતા કોમલબેન એસ.રાજપૂત (૨૭)એ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું. કોમલબેનના સાસુ અંજુસિંગ એ. રાજપૂતે પોલીસને જણાવ્યું હતું કે તેમના દિકરા શક્તિસિંગે છ મહિના અગાઉ પટના ખાતે રહેતી કોમલ સાથે લવ મેરેજ કર્યા હતા. દરમિયાન તેમના ઘરના સભ્યો હોલમાં સુતા હતા. જ્યારે શક્તિસિંગ અને કોમલ તેમના રૂમમાંસુતા હતા. સવારે અંજુસિંગે જોયું તો શક્તિસિંગ હોલમાં સુતો હતો.

બાદમાં તેમણે જોયું તો કોમલના બેડરૂમનો દરવાજો અડધો ખુલ્લો હતો. તેમમે જોયુ તો કોમલ દુપટ્ટા વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે ચઢી હતી. તેમમે બુમાબુમ કરતા ઘરના સભ્યો ભેગા થઈ ગયા હતા. દરમિયાન શક્તિસિંગે કોમલના બન્ને પગ પકડીને ઉંચા કર્યા હતા. બાદમાં દુપ્ટોટો કાઢીને કોમલને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં એલ.જી.હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે ડોકેટરે તેને તપાસીને મૃત ઘોષિત કરી હતી.કોમલબેનને પેટની બિમારી હતી અને છ મહિનાથી તેમની દવા ચાલી રહી હતી. જોકે આપઘાતનું કારણ જાણવા મળ્યું નથી. આ અંગે વટવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તાત્કાલિક તેમણે ઘરના અન્ય સભ્યોને જાણ કરતા બાદમાં પોલીસને જાણ કરવામાં આવી હતી. ગુજરાત યુનુવર્સિટી પોલીસે ઘટનાસ્થળે આવીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જોકે આપઘાતનું કારણ જાણવા મળ્યું ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પાવરગ્રિડ POWERGRID

નોટીસ

1. વિદ્યુત અધિનિયમ, 2003ની કલમ 79 (1) (ડી) સાથે અને સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (વ્યવસાયનું આચરણ) નિયમન, 2023ના નિયમન 15 (1) (a) અને નિયમન 23 હેઠળ કલમ 62 હેઠળ ટેરિફના નિર્ધારણ માટેની અરજી પીટીશન-1 માટે સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટર્મ્સ એન્ડ કન્ડીશન ઓફ ટેરિફ રેગ્યુલેશન્સ) 2024 સાથે વાંચો: વેસ્ટર્ન રિજનમાં ફાજલ ICT અને રિએક્ટરની જોગવાઈ હેઠળ સંયુક્ત સંપત્તિ, પિટિશન-2: 400 kV રાજગઢ ઉપ- પર 125 MVAR બસ રિએક્ટરની સ્થાપના સ્ટેશન.
2. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ છે: (1) મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની લિ., જબલપુર (2) વીજળી વિભાગ, દમણ અને દીવ, દમણનું વહીવટીતંત્ર, (3) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ., વડોદરા, (4)) વીજળી વિભાગ, ગોવા સરકાર, પણજી, (5) મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિ., મુંબઈ, (6) મધ્ય પ્રદેશ ઉદ્યોગ કેન્દ્ર વિકાસ નિગમ (ઈન્દોર) લિ., ઈન્દોર, (7) છત્તીસગઢ રાજ્ય પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિ., રાયપુર (8) DNH પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ, સિલ્વાસા.
3. ટેરિફ વિગતો:

A) 2019 - 24 બ્લોક (રૂ. લાખમાં)

પિટિશન નં.	સંપત્તિની વિગતો	DOCO/ ECOD	31.03.2024 ના રોજ પૂર્ણ કરવાની કિંમત		2019-20	2020-21	2021-22	2022-23	2023-24
1	Combined Asset	01.09.12	5436.38	Revised AFC based on truing up	770.32	742.27	715.18	689.65	665.45
2	Combined Asset	01.06.12	691.67	Revised AFC based on truing up	133.09	130.64	128.34	126.24	122.15

B) 2019 - 24 બ્લોક (રૂ. લાખમાં)

પિટિશન નં.	સંપત્તિની વિગતો	31.03.2029 ના રોજ પૂર્ણ કરવાની કિંમત	AFC	2024-25	2025-26	2026-27	2027-28	2028-29
1	Combined Asset	5436.38	AFC	638.75	435.79	426.04	417.01	412.95
2	Combined Asset	691.67	AFC	144.55	123.90	126.20	129.37	133.45

4. ટેરિફના નિર્ધારણ માટે કરવામાં આવેલી અરજીની નકલ અરજદારની વેબસાઇટ www.powergrid.in પર પોસ્ટ કરવામાં આવે છે.
5. અરજીમાં સમાવિષ્ટ ટેરિફના નિર્ધારણ માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા સેક્રેટરી, સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન 6ઠ્ઠો, 7મો અને 8મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી - 110029 સમક્ષ દાખલ કરવામાં આવશે (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે), આ નોટિસના પ્રકાશનના 30 દિવસની અંદર અરજદારને તેની કોર્પોરેટ ઓફિસના સરનામે એક નકલ સાથે.

સ્થળ: ગુરુગ્રામ
તારીખ: 14.08.2024

Sd/-
જીએમ (વાણિજ્યિક)

પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ
(ભારત સરકારની એન્ટરપ્રાઇઝ)
કોર્પોરેશન ઓફિસ: "સૌદામિની", પ્લોટ નંબર 2, સેક્ટર-29, ગુરુગ્રામ-122001, (હરિયાણા)
ટેલિફોન: 0124-2571700-719
રજી. ઓફિસ: B-9, કુતબ ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, કતવારિયા સરાઈ, નવી દિલ્હી-110 016.
ટેલિફોન: 011-26560112, 26560121
A Maharatna PSU

PGCIL/Notice-54/Advt-76/2024

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ., ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧,પ્લોટ નં- બી ૩ વાઈકાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણ (વેસ્ટ)_-૪૦૦૬૦૪.

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મેમિન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્મેમિન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવિલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	પ્રવિણભાઈ અરજણભાઈવિરદા અને ધનુબેન અરજણભાઈ વિરદા અને રમેશ વિરદા- LBGDM00005556011	પ્લોટ નં. ૮૧, મહાવીર નગર, આર.એસ. નં. ૨, અંતર્જલ, કચ્છ, ગાંધીધામ - ૩૭૦૨૦૧/ ૧૬ ઓગષ્ટ, ૨૦૨૪.	૦૧ એપ્રિલ, ૨૦૨૪ રૂા. ૧૬,૩૯,૧૦૪/-	ગાંધીધામ
૨.	કેતનકુમાર અરવિન્દભાઈ ડાંગરોસીયા અને નિર્ગુણાબેન કેતનભાઈ ડાંગરોસીયા- LBJGH00005793921 & LBJGH00005845675	મિલ્કત - ૧) ગોડાઉન નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, હરિદ્વાર એપાર્ટમેન્ટ, શ્રી ઉમા ગ્લાસ, સાઈ બાબા ટેમ્પલ સામે, આરએસ નં. ૧૨૩/૨, પ્લોટ નં. ૨, ઝાંઝરડા રોડ, જુનાગઢ- ૩૬૨૦૦૧, મિલ્કત - ૨) ગોડાઉન નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, હરિદ્વાર એપાર્ટમેન્ટ, શ્રી ઉમા ગ્લાસ, સાઈ બાબા ટેમ્પલ સામે, આરએસ નં. ૧૨૩/૨, પ્લોટ નં. ૨, ઝાંઝરડા રોડ, જુનાગઢ- ૩૬૨૦૦૧/ ૧૭ ઓગષ્ટ, ૨૦૨૪.	૨૨ માર્ચ, ૨૦૨૪ રૂા. ૧૦,૦૯,૭૯૫.૯૪/-	જુનાગઢ
૩.	કેવલ નરેન્દ્રભાઈ જોષી અને નરેન્દ્રકુમાર ઉમિયાશંકર જોષી- LBJGH00004984886	તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર રેસીડેન્સીયલ મિલ્કત બિઈંગ ગોડાઉન નં. ૧૪ જેનો બિલ્ટ-અપ એરિયા માપ ૮.૬૮ સ્કેવર મી.જે ફર્સ્ટ ફ્લોર માધવ કોમ્પ્લેક્ષ તરીકે જાણીતી બિલ્ડિંગમાં સ્થિત , વેસ્ટર્ન સાઈટ ઓફ પ્લોટ નં. ૧૦ પૈકી ઓફ રેવેન્યુ સર્વે નં. ૭૧ પૈકી જુનાગઢ મ્યુન્સિપલ કોર્પોરેશનની હદમાં લોકેટેડ એટ્ ગામ : જોશીપરા, તાલઃ અને ડિસ્ટ.: જુનાગઢ ગુજરાત રાજ્યમાં સ્થિત છે./ ૧૭ ઓગષ્ટ, ૨૦૨૪.	૧૧ માર્ચ, ૨૦૨૪ રૂા. ૩,૪૩,૧૬૫.૪૨/-	જુનાગઢ

ઉપર જણાવેલા કરજદાર